# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 25-07-2024 બપોર : 1.20 થી 1.30

વાર : ગુરૂવાર

### આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

*****************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે કારગિલ વિજય દિવસ નિમિત્તે કારગિલ યુદ્ધ સ્મારકની મુલાકાત લઈ શહીદોને શ્રદ્ધાંજલી અર્પણ કરશે.
- કાશ્મીર પોલીસે કઠુઆ આતંકી હુમલામાં પ્રતિબંધિત આતંકી સંગઠનને મદદ કરનારા બેની ધરપકડ કરી
- ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ અમેરિકાની સંસદમાં સંબોધન કરતાં શસ્ત્ર પુરવઠા માટે અપીલ કરી
- દક્ષિણ ગુજરાત સહિત દેશના કેટલાંક રાજ્યોમાં ભારે વરસાદની આગાહી
- આવતીકાલે પેરિસ ઓલિમ્પિકનો ઉદ્ઘાટન સમારોહ, ભારતીય ખેલાડીઓ માટે આજથી વિવિધ મેચોનો પ્રારંભ

*****************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## PM-KARGIL VIJAYDIWAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે કારગિલ વિજય દિવસ નિમિત્તે કારગિલ યુદ્ધ સ્મારકની મુલાકાત લઈ શહીદોને શ્રદ્ધાંજલી અર્પણ કરશે. દરમિયાન તેઓ શિનકુલ લા ટનલના કામકાજનો પ્રારંભ કરાવશે. 4.1 કિલોમીટર લાંબી આ ટ્યૂબ ટનલ લેહમાં પ્રતિકૂળ હવામાન દરમિયાન વાહનવ્યહાર માટે નિમૂ-પદુમ-દારચારોડ પર અંદાજે 15 હજાર, 500 ફૂટની ઉંચાઈ પર બનાવવામાં આવશે. બાંધકામ પૂર્ણ થયા બાદતે વિશ્વની સૌથી ઉંચાઈએ આવેલી ટનલમાં સ્થાન પામશે.

## ABHIJEET- KIREN RIJIJU

આજે સંસદના બજેટ સત્રનાં ચોથા દિવસની કામગીરીનો પ્રારંભ થયો છે. ગઈકાલે લોકસભામાં બજેટ પરની ચર્ચામાં ભાજપના સભ્ય અભિજીત ગંગોપાધ્યાયે કરેલી ટિપ્પણી સામે કોંગ્રેસ અને ટીએમસીએ વાંધો ઉઠાવ્યો છે. આજે સવારે ગૃહ મળ્યું ત્યારે કોંગ્રેસ અને ટીએમસીના સભ્યોએ શ્રી ગંગોપાધ્યાય સામે પગલાં લેવાની માગણી કરી હતી. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું કે, ટિપ્પણી બદલ શ્રી ગંગોપાધ્યાયને ચેતવણી આપવામાં આવી છે.

આ અગાઉ, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ વિરોધ પક્ષનાં નેતાઓ પર આરોપ મૂક્યો હતો કે તેમણે દેશનાં જનાદેશનું અપમાન કર્યું છે. પત્રકાર પરિષદને સંબોધતા શ્રી રિજિજુએ જણાવ્યું કે, દેશ એ જોવા ઇચ્છે છે કે બજેટ પરની ચર્ચા સારી અને અર્થપૂર્ણ રીતે થાય. તેમણે ઉમેર્યું કે કેટલાંક પક્ષનાં નેતાઓએની ટિપ્પણી અને ભાષણથી ગૃહનું અપમાન થયું છે. તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ટાંકીને જણાવ્યું કે, ચૂંટણી હવે સમાપ્ત થઈ ગઈ છે અને હવે વિક્સિત ભારતની

દિશામાં કાર્ય કરવા પર ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે. તેમણે જણાવ્યું કે, રાજકીય પક્ષોનાં ગૃહનાં નેતાઓએ સભ્યોને શોરબકોર કરવાને બદલે સંસદમાં સંવેદનશીલ ચર્ચા કરવાનો નિર્દેશ આપવો જોઇએ..

## ARVIND KEJRIWAL ARREST

દિલ્હીની રાઉઝ એવન્યુ અદાલતે આજે કથિત દારૂ નીતિ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી 8મી ઓગસ્ટ સુધી લંબાવી છે. CBI દ્વારા શ્રી કેજરીવાલને તિહાર જેલમાંથી વીડિયો કોન્ફરન્સ દ્વારા અદાલતમાં રજૂ કરાયા હતા.

ઉલ્લેખનીય છેકે સર્વોચ્ચ અદાલતે ED દ્વારા દાખલ કરાયેલા મની લોન્ડરિંગ કેસમાં 12મી જુલાઈએ શ્રી કેજરીવાલના વચગાળાના જામીન મંજૂર કર્યા હતા.જો કે, કથિત કૌભાંડ સંબંધિત ભ્રષ્ટાચારના કેસમાં સીબીઆઈ દ્વારા તેમની અલગથી ધરપકડ કરાતા તેઓ તિહાડ જેલમાં જ હતા.

## KATHUA TERROR ATTACK

જમ્મુ કાશ્મીર પોલીસે કઠુઆ આતંકી હુમલામાં સંડોવાયેલા જૈશ-એ-મોહમ્મદના બે સુત્રધારોની ધરપકડ કરી છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આ બે આતંકવાદી સુત્રધારોની પૂછપરછ કરવામાં આવી રહી છે. તેઓ આતંકવાદીઓને વ્યૂહાત્મક અને અન્ય સહાય પૂરી પાડવામાં સંડોવાયેલા વધુ લોકો વિશે માહિતી આપે તેવી શક્યતા છે.

ગત10 જુલાઈએ કઠુઆથી 150 કિલોમીટર દૂર બદનોટા ગામમાં આતંકવાદીઓએ લશ્કરના વાહન પર કરેલ હુમલામાં એક સ્થાનિક પોલીસકર્મી સહિત ચાર સૈનિકો અનેપાંચ સુરક્ષાકર્મીઓ શહીદ થયા હતા.

દરમિયાન લશ્કરને જમ્મુ વિભાગના રાજૌરી, પૂંચ, ડોડા, કઠુઆ, રિયાસી અને ઉધમપુર સહિતના પહાડી જિલ્લાઓમાં 40 વિદેશી આતંકવાદીઓ હોવાની માહિતી મળી છે.અહી આતંકવાદને ખતમ કરવા માટે લશ્કરે ટોચના પેરા કમાન્ડોઅને જંગલ યુદ્ધમાં પ્રશિક્ષિત સૈનિકો સહિત 4 હજારથી વધુ સૈનિકો તૈનાત કર્યા છે.

## MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીઆ મહિનાની 28મી તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે. 28મી જુલાઇએ પ્રસારિત થનારી આ 112મી કડી હશે. મન કી બાત કાર્યક્રમ માટે લોકોએ તેમના વિચારો અને સૂચનો શુક્રવાર 26 તારીખ સુધીમાં મોકલવાના રહેશે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેક યુવાનોને MyGov ઓપન ફોરમ, નમો એપ પર સૂચનો લખવા અથવા ટોલ ફ્રી નંબર1800-11-7800 ઉપર સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે.

મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરાશે. આવશે. એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી દ્વારા

હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

## NETANYAHU -US CONGRESS

ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ અમેરિકાની સંસદમાં સંબોધન કર્યું હતું. આ પ્રસંગે તેમણે ઇઝરાયલ સાથે નવ મહિનાથી ચાલી રહેલા સંઘર્ષને જોતા શસ્ત્રોના પુરવઠા માટે અમેરિકાને સહાયની અપીલ કરી હતી. તેમણે પશ્ચિમ એશિયા સુરક્ષા ગઠબંધનને વ્યાપક બનાવવા માટે ઇઝરાયલ અને અરબ દેશો વચ્ચે સંભવિત ભવિષ્યની ભાગીદારીનો ઉલ્લેખ કર્યો હતો. શ્રી નેતન્યાહૂએ કહ્યું કે ઇઝરાયેલ બંધકોની સુરક્ષિત મુક્તિ માટે સક્રીય પગલાં લઈ રહ્યું છે. વધુમાં તેમણે કહ્યું કે તેમની સરકાર યુદ્ધોપરાંત ‘સૈન્ય મુક્ત અને કટ્ટરપંથથી મુક્ત ગાઝાની કલ્પના કરે છે, જેનું નેતૃત્વ પેલેસ્ટાઇનના લોકો દ્વારા કરવામાં આવે, જેનો હેતુ ઇઝરાયેલને નષ્ટ કરવાનો ન હોય.

દરમિયાન કેટલાક ડેમોક્રેટ્સ સભ્યોએ નેતન્યાહૂના નિવેદનનો બહિષ્કાર કર્યો હતો. જેના જવાબમાં નેતન્યાહૂએ ઇઝરાયેલ વિરોધી પ્રદર્શનકારીઓ હમાસ સાથે ઉભા હોવાનું કહ્યું.. ઇઝરાયેલના પ્રધાનમંત્રીનું આ ભાષણ સેનેટ અને પ્રતિનિધિસભાની સંયુક્ત બેઠકમાં કોઈ વિદેશી નેતા દ્વારા રેકોર્ડ કરાયેલું ચૌથું ભાષણ છે. બ્રિટનના નેતા વિન્સ્ટન ચર્ચિલે અમેરિકી સંસદમાં ત્રણ ભાષણ આપ્યા હતા. ઇઝરાયેલના સત્તાવાર આકંડાઓ પ્રમાણે હમાસના નેતૃત્વમાં બળવાખોરોએ 7 ઓક્ટોબર, 2023ના રોજ દક્ષિણી ઇઝરાયેલ પર હુમલો કરતા યુદ્ધ છેડ્યું હતું, જેમાં 1200 લોકોના મોત થયા હતા, જ્યારે 250 લોકોને બંધક બનાવાયા હતા.

## BIDEN-ELECTION

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડને 2024ની રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાંથી ખસી જવાના પોતાના નિર્ણયને લોકતંત્રને બચાવનારું પગલું ગણાવ્યો. વ્હાઇટ હાઉસ ખાતે ઓવલ ઑફિસમાંથી કરેલા રાષ્ટ્રજોગ સંબોધનમાં શ્રી બાઇડને જણાવ્યું કે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ ડોનાલ્ડ ટ્રમ્પનો સામનો કરવા માટે સક્ષમ છે. રાષ્ટ્રપતિ પદની ચૂંટણી નહીં લડવાની જાહેરાત કર્યા બાદ આ તેમનું પ્રથમ જાહેર સંબોધન હતું.

## GUJARAT-FLOOD

ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદને પગલે જનજીવન ખોરવાયું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પૂર અસરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કર્યું હતું. પત્રકારોની સાથેની વાતચીતમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે સરકાર પૂરની સ્થિતિનું બારિકાઈથી નિરીક્ષણ કરી રહી છે. તેમણે જણાવ્યું કે અત્યાર સુધીમાં 7 જિલ્લાઓમાંથી અંદાજે 535 લોકોને બચાવાયા છે, જ્યારે 4 હજાર, 200 લોકોને સલામત સ્થળોએ ખસેડાયા હતા. વરસાદને પગલે જુદી જુદી ઘટનાઓમાં મૃતઆંક વધીને 61 થયો છે.

NDRFની 13, જ્યારે SDRFની 20 જટેલી ટુકડીઓ ગુજરાતના પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરાઈ છે. ઉપરવાસમાં ભારે વરસાદને પગલે રાજ્યના 46 જેટલા ડેમ ઓવરફ્લો થયા છે, જ્યારે 51 જેટલા ડેમ હાઇ અલર્ટ પર છે. પાંચ હજાર ગામોમાં વીજળી પુરવઠો ખોરવાયો હતો. ભારે વરસાદને જોતા

હવામાન વિભાગે આજે સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં ઑરેન્જ અલર્ટ જાહેર કર્યું છે.

## IMD WEATHER

હવામાન વિભાગએ આગામી કેટલાક દિવસો સુધી દેશના પશ્ચિમઅને મધ્ય ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. જે અનુસાર ગુજરાત, કોંકણ, ગોવા અને મહારાષ્ટ્રમાં આવતીકાલ સુધી ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. ઉપરાંત તટિય કર્ણાટક અને ઓડિશાના જુદાજુદા ભાગોમાં પણ ભારે વરસાદ પડ઼ી શકે છે. દિલ્હીમાં આગામી બે દિવસમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

## PARISOLYMPIC

આવતીકાલે પેરિસ ઓલિમ્પિક 2024ના ઉદ્ઘાટન સમારોહના એક દિવસ પૂર્વે આજથી જ ભારતની ઓલિમ્પિક સફર શરૂ થઈ રહી છે. તરુણદીપ રાય અને પ્રવિણ જાધવની સાથે તીરંદાજ દીપિકા કુમારી, અંકિતા ભકત, ભજન કૌર અને બી. ધીરજ વ્યક્તિગત રેન્કિંગ આજે રાઉન્ડમાં ભાગ લેશે. ભારતીય સમય અનુસાર મહિલા રેન્કિંગ રાઉન્ડ આજે બપોરે 1 વાગ્યે શરૂ થઈ છે અને ત્યારબાદ પુરુષોનો રેન્કિંગ રાઉન્ડ 5:45 વાગ્યે શરૂ થશે.

ભારતીય ખેલાડીઓની અન્ય મેચ 28 જુલાઈથી 4 ઓગસ્ટ વચ્ચે યોજાશે. રેન્કિંગ રાઉન્ડ બાદ સ્પર્ધા મેચ પ્લે રાઉન્ડમાં શિફ્ટ થશે. ભારત પેરિસમાં તમામ પાંચ તીરંદાજી સ્પર્ધામાં ભાગ લેશે.  જેમાં પુરુષ અને મહિલા ટીમ, વ્યક્તિગત અને મિશ્ર શ્રેણીએમ કુલ મળીને, 128 એથ્લેટ્સ પેરિસ ગેમ્સમાં તીરંદાજી માટે ક્વોલિફાય થયા છે.